अनेक दुर्घटनाओमांथी सर्जायेली घटना
एटले हरिवल्लभ भायाणी

घरमां हाल्लां कुस्ती करतां होय एवी दारुण गरीबीमां पण दिवसरात महेनत करीने संस्कृतना सातेय विषय साथे बी.ए.मां फर्स्ट क्लास आवेला तेजस्वी विद्यार्थीने आगळ भणवानी धगश होय, परंतु फी भरवा माटेनी रकमनो बंदोबस्त थई शके तेम न होय तो एवा संजोगोमां बिच्चारा विद्यार्थीनी हालत केवी थाय ?

भावनगरनी कोलेजमां आर्ट्सना छेल्ला वर्षमां अभ्यास करता ए विद्यार्थीनी आर्थिक परिस्थिति पहेलेथी ज घणी नबळी कही शकाय तेवी हती. बे टंकनुं मांड मांड पूरुं थतुं होय तेवा कपरा संजोगोमां भणवाना खर्चा तो केमे करीने परवडे तेम नहोता. छतां भणवामां अे पहेलेथी ज होंशियार हतो एटले नानीमोटी स्कोलरशिप मळी रहेती. उपरांत कोलेजना समय पछी ए ट्युशन करतो, एथी थोडीघणी आवक पण थई जती. एने लीधे भणवानुंय थतुं अने घरखर्चनुं गाडुं पण गबडतुं. आ रीते ताणीतूसीने बे छेडा भेगा करतां करतां ज ए विद्यार्थीअे बी.ए.नी डिग्री मेळवी लीधी.

हवे आ विद्यार्थी मुंबई जईने आगळ भणवा मागतो हतो, परंतु भणवा माटेनी जरूरी रकमनी सगवड थई शके तेम नहोतुं. मुंबईमां स्कोलरशिपनी जोगवाई क्यांथी करवी ए एक सवाल हतो. वळी फी भरवा माटेनी रकम केवी रीते ऊभी करवी ए बीजो सवाल हतो. विद्यार्थी मूंझाई गयो. आखरे खूब विचार कर्या पछी एणे एक रस्तो शोधी काढ्यो : 'हुं मुंबईमां नोकरी करीश अने आगळ भणीश.'

'ए जुलाई महिनो हतो. परीक्षानुं परिणाम जाहेर थया पछी पहेली ट्रेन पकडीने हुं मुंबई रहता मामाने घेर पहोंची गयो.' संस्कृत, प्राकृत, अर्धमागधी अने अपभ्रंश जेवी भाषाओना विद्वान तथा मोटा गजाना साहित्यकार हरिवल्लभ भायाणी जीवनना उत्तरार्धने आरे आवीने ऊभा छे त्यारे जीवनपूर्वार्धनी कथामांडणी करी रह्या छे. एंसी वर्षनी उंमरना आ विद्वान आजथी लगभग

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

साठ वर्ष पहेलांना संघर्षना दिवसोनी वात करे छे त्यारे नजर समक्ष एक चित्र खडुं थई जाय छे : 'मुंबई आव्या पछी शिक्षक तरीकेनी नोकरी मेळववा माटे में जुदी जुदी शाळाओनां चक्कर कापवानुं शरू करी दीधुं. दरेक शाळाना प्रिन्सिपालने बी.ए.नी डिग्री बतावीने हुं एक ज सवाल पूछतो के तमारे त्यां नोकरी मळी शकशे ?'

संस्कृतमां फर्स्ट क्लास होवाथी को'क शाळामां तो नोकरी मळी ज रहेशे एवी हरिवल्लभनी दृढ मान्यता हती. परंतु एमनुं नसीब बे डगलां आगळ

कमूरतांमां क्रांतिकारी ढबे लग्न

'दीकरा, हवे तुं लग्न करी ले....'

दादीमाए आ शब्दो कह्या एटले बत्रीस वर्ष पूरां करीने ३३मा वर्षमां प्रवेशी चूकेला हरिवल्लभे मनोमन निर्णय करी लीधो : 'कोइ सारी, संस्कारी छोकरी जोईने थोडा ज वखतमां लग्न करी लईश....'

दरमियानमां गुलाबदास ब्रोकरना मोटाभाईए एक परिचित कुटुंबनी सुशील कन्या विशे वात करी. हरिवल्लभने ए छोकरी गमी गई. १९५०नी सालमां हरिवल्लभ अने चंद्रकळा विवाहना बंधनमां बंधाई गयां.

ए लग्न एक रीते क्रांतिकारी ज हतां. आ विशे भायाणीदादा कहे छे : ' में लग्न बाबतमां बधा ज सुधारा कर्या. कंकोतरी छपावी नहीं. शुकन अंगेनी प्रचलित मान्यताओनुं खंडन कर्युं. लग्न करवा मकरसंक्रांतिना आगला दिवसे एटले कमूरतांमां पोरबंदर गयो. त्रणनो आंकडो अपशुकनियाळ गणाय, सारां काममां त्रण व्यक्ति ना जाय, पण लग्न करवा हुं, मामा अने एक कुटुंबी एम त्रण जण गया.'

लग्नमां चांल्लो पण लीधो नहोतो. लग्न पछी आजुबाजुनां चार-पांच घरोमां पांच पांच पेंडा वहेंची लीधा. आवुं करवामां प्रतिष्ठानो प्रश्न नड्यो नहीं.

आ रीते लग्न कर्यां पछीनां ४६ वर्ष बाद आजे भायाणी दंपतीने कोई विघ्नो नड्यां नथी. लग्न विशेनी प्रचलित मान्यताओ पायाविहोणी होवानो आनाथी मोटो पुरावो शो होई शके ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज हतुं.... मुंबईमां जून महिनामां शाळाओ खूली जती होय एटले स्वाभाविक ज शिक्षकोनी भरती तो अगाउथी ज थई गई होय. एथी जुलाई महिनामां तो एकेय शाळामां शिक्षकनी जग्या खाली होवानी शक्यता नहोती. एमणे तो आशाना मिनारा बांधीने केटकेटली शाळानां पगथियां घसी नाख्यां. पण दरेक ठेकाणेथी एक ज जवाब मळ्यो : 'अमारे त्यां न तो जग्या छे, न तो नोकरी.....'

अंगतोनो संबंध तरतां बे काष्ठ जेवो

अवारनवार पत्र लखता लंगोटिया मित्रने प्रत्युत्तर पाठववानी इच्छा होवा छतां कामनी अत्यंत व्यस्तताने कारणे पत्र लखवानी फुरसद ज न मळे तो केवी परिस्थिति सर्जाय ?

हरिवल्लभ अने नंदलाल.... बन्ने बाळपणना भेरु. घनिष्ठ मित्रो. मोटा थया पछी बन्ने पोतपोतानां काममां पडी गया.हरिवल्लभ अमदावादमां अने नंदलाल भावनगरमां... एक बीजाने मळवानुं ओछुं थई गयुं. छतां बन्ने जिगरजान मित्रो पत्रव्यवहार द्वारा एकमेकना संपर्कमां रहेता.

'एक वार एवुं बन्युं के नंदलाले उपराउपरी त्रण-चार पत्रो लखी नाख्या. पण मने जवाब लखवानी फुरसद मळी ज नहीं. छेवटे नंदलाले एक पोस्टकार्ड मोकली आप्युं. एमां संस्कृतनी मात्र चार पंक्ति ज लखेली हती'. आजे नंदलाल तो हयात नथी, परंतु हरिवल्लभने हजु पण ए पंक्तिओ याद छे :

यथा काष्ठम् च काष्ठम् च
समेयाताम् महोदधौ
समेत्य च व्यपेयातां तथा भूतसमागमः ॥

'आ श्लोक लख्या पछी अेक प्रश्नार्थचिह्न मुकायेलुं हतुं.' आम कहीने हरिवल्लभ आ श्लोकनो अर्थ समजावे छे : 'जेम समुद्रमां एक लाकडुं तरतुं होय ने बीजुं लाकडुं तरतुं होय ए क्यांक भेगां थाय ने पछी छूटां पडी जाय तेम शुं माणसोनो संबंध आम ज रहेशे ?'

आ पत्र मळ्या पछी हरिवल्लभने एटलो अफसोस थयो के तरत ज कागळ-कलम लईने बेसी गया अने जवाब लखी नाख्यो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'दरेक जग्याएथी ननैयो सांभळ्या पछी मारी आशाना मिनारा कडडडभूस थई गया. हुं निराश थई गयो. मने थयुं के मुंबई आवीने में बहु मोटी भूल करी.' अमदावादना सेटेलाईट रोड पर आवेली वीमानगर कोलोनीमां एक नानकडा बंगलामां रहेता भायाणी दीवालने अडीने गोठवेली खाट पर बेसीने को'क विद्यार्थीनो प्राकृत भाषामां लखायेलो महानिबंध तपासी रह्या छे. 'समकालीन' साथे वातचीत करती वखते ते महानिबंध एक बाजुए मूकी दे छे. पछी माथा परना संपूर्ण सफेद थई गयेला वाळमां हाथ फेरवी लईने कथानो दोर सांधी ले छे : 'मारे विद्याभ्यास तो करवो ज हतो. परंतु नोकरीनुं ठेकाणुं पड्युं नहीं एटले नाणाकीय सगवड करवानो सवाल तो ऊभो ज हतो. हुं नासीपास थई गयो. एक तरफ मने लाग्युं के भणवानी इच्छा अधूरी रही जशे अने बीजी तरफ रही रहीने एवो ज विचार आवतो हतो के भविष्यमां घोर अंधकार छवाई गयो.'

हवे हरिवल्लभ सामे बे विकल्प हता : मुंबईमां रहीने नोकरीनी शोध कर्या करवी अथवा तो बिस्तरापोटलां समेटी लईने भावनगर पाछा फरी जवुं. हरिवल्लभ आ बेमांथी कयो विकल्प पसंद करवो एनी द्विधामां हता ए दरमियान एक मित्र मळवा आव्यो. हरिवल्लभ साथेनी वातचीत दरमियान एमनी आर्थिक संकडामण विशे जाणी लीधी पछी मित्रे साची सलाह आपी.

'भारतीय विद्याभवनमां कनैयालाल मुनशीने मळो ने..... ए तो तेजस्वी विद्यार्थीओने स्कोलरशिप आपे छे.'

'मुनशीजी तो केवडा मोट्टा माणस छे... एमने मळवा केवी रीते जवाय ?'

'पण एक वार मळी लेवामां शो वांधो छे ? बहु बहु तो ए ना पाडी देशे. कंई मारी तो नहीं नाखे ने ?'

मित्रनी सलाह मात्र सलाह ज नहोती, अंधारामांथी अजवाळा तरफ लई जतुं आशानुं छेल्लुं किरण हतुं. कदाच एटले ज मित्रे आपेली शीखना शब्दो हरिवल्लभने गळे ऊतरी गया. एमणे मुनशीजीने मळवानो निर्णय करी लीधो. जो के मुनशीजी जेवा विद्वानने मळवा पहेलेथी एपोईन्टमेन्ट लेवी जोईए एवी कोठासूझ एमनामां नहोती. एटले अगाउथी कहेवडाव्या विना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज अेक सवारे आठ वाग्ये हरिवल्लभ मुनशीजीना घेर पहोंची गया. अेमणे घंटडी वगाडी. थोडी ज वारमां नोकरे बारणुं उघाड्युं.

'मारे मुनशीजीने मळवुं छे....' हरिवल्लभना अवाजमां अचकाट हतो.

'साहेब तो सूता छे. तमे अडधो कलाक रहीने आवजो.' आम कहीने नोकरे कमाड वासी दीधां.

हरिवल्लभ आ जवाब सांभळीने हताश थई गया, परंतु हिंमत हार्या नहीं. मुनशीजीने मळीने ज पाछा जवुं अेवो दृढ निश्चय एमणे करेलो एटले थोडा समय पछी फरीथी आववानो निर्णय कर्यो. पण सवाल अे हतो के त्यां सुधी समय केवी रीते पसार करवो ?

'.....त्यारे मुंबईमां हेंगिंग गार्डन घणुं जाणीतुं हतुं.' हरिवल्लभ भायाणीनी जीवनकथामां एक पछी एक दृश्यो उमेरातां जाय छे. आ दृश्यो विशे वात करी रहेला भायाणी अनुसंधाननुं संधाण करे छे : 'अे उद्यान मुनशीजीना घरनी नजीक ज हतुं, अेटले हुं तो त्यां पहोंची गयो. लगभग पांत्रीस मिनिट सुधी त्यां लटार मार्या पछी मुनशीजीना घेर पाछा फरवा में पग उपाड्या.'

हरिवल्लभ हेंगिग गार्डनथी मुनशीजीना घर तरफ पगलां पाडी रह्या हता त्यारे अेमना मनमां सतत फफडाट हतो के कोई पण जातनी ओळखाणपिछाण न होवाने लीधे मुनशीजीना घेरथी खाली हाथे तो पाछा नहीं फरवुं पडे ने ?

'दिलमां एक प्रकारना डर साथे फरी एक वार हुं मुनशीजीना घरमां दाखल थयो, परंतु अेमणे प्रेमाळ आवकार आप्यो अेटले मारा मनमां पेसेली फडक दूर थई गई.' संस्कृत विद्वान, नर्मद सुवर्णचंद्रक अने नरसिंह महेता साहित्यिक पुरस्कार जेवां अनेक सन्मानोथी पुरस्कृत हरिवल्लभ भायाणी मुनशीजी साथेनी पहेली मुलाकातनुं वर्णन करी रह्या छे : 'हुं फरीथी गयो त्यारे मुनशीजी अने अेमनां पत्नी चापाणी करी रह्यां हतां. अेमणे मने जोयो त्यारे कोई पण ओळखाण न होवा छतां प्रेमथी आवकार आपीने बेसाड्यो.'

त्यार पछी कनैयालाल मुनशी अने हरिवल्लभ भायाणी वच्चे आ प्रकारनो संवाद थयो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'बोलो, शुं कामे आव्या छो....' मुनशीजी सीधा ज मुद्दा पर आवी गया.

'हुं भावनगरथी आव्यो छुं. संस्कृतना विषय साथे बी.अे.मां फर्स्ट क्लास आव्यो छुं. आगळ भणवानी इच्छा छे, पण पैसानी तंगी....' हरिवल्लभे एक ज श्वासे आगमननुं प्रयोजन जणावी दीधुं.

'तमने स्कोलरशिप अने नोकरी बन्ने मळी जशे.' मुनशीजीअे हरिवल्लभना माथा परथी पहाड जेवडो भार हळवो करी दीधो.

कनैयालाल मुनशीना अेक ज वाक्यथी हरिवल्लभना डगमगता पग स्थिर थई गया. महुवाना तेजस्वी छोकराने जाणे के मुंबईमां रहेवानी स्वीकृति मळी गई. पचास रूपियानी स्कोलरशिप, भारतीय विद्याभवनमां लेक्चररनी नोकरी, अंधेरीमां रहेवानुं अने आगळ भणवानुं... दारुण गरीबीमां ऊछरेला एक तेजस्वी विद्यार्थीने आनाथी वधुं शुं जोईए ?

'हुं बे पीरियड लेक्चर लेतो अने बाकीना समयमां भरातीय विद्याभवननी लाईब्रेरीमां बेसीने अभ्यास करतो.' अहीं सुधी कहीने हरिवल्लभ भायाणी सहेज अटके छे. पछी लाईब्रेरीनी समृद्धि विशे वात आगळ वधारे छे. 'ते समयमां मुनशीजीअे कलकत्ताना अेक गृहस्थ पासेथी पचास हजार रूपियामां रेफरन्स लाईब्रेरी खरीदी लीधेली. अेम.अे.नुं भणतो हतो त्यारे अने त्यार पछी पण में ए लाईब्रेरीनो घणो ज लाभ लीधो. ए लायब्रेरीमां बेसीने ज में संस्कृत, प्राकृत, अर्धमागधी, वेदान्त अने ब्राह्मण परंपरानां भाष्योनो अभ्यास कर्यो.'

भारतीय विद्याभवनमां एम.ए.ना अभ्यासकाळ दरमियान हरिवल्लभना जीवनने नवो वळांक, नवी दिशा मळी. अेक संस्था जेटलुं काम करता जीवताजागता ज्ञानकोश समा मुनशीजीना ज्ञाननो लाभ तो अेमने मळ्यो ज. उपरांत प्राकृत भाषाना विद्वान जैन मुनि जिनविजयजी साथे संपर्क थयो. बन्ने विद्वानोना मार्गदर्शन अने पोतानी महेनतने कारणे हरिवल्लभ अेम.अे.मां फर्स्ट क्लास फर्स्ट आव्या.

'अेम.अे. कर्या पछी संस्कृत साथे पीएच.डी. करवानो विचार करेलो पण मुनि जिनविजयजी साथे काम करवाना प्रबळ मोहने लीधे में

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राकृतमां ज पीएच.डी. करवानो निर्णय करी लीधो.' जैन मुनि साथे काम करवानी तक मळवाने कारणे हरिवल्लभ भायाणी धन्यता अनुभवे छे.ते कहे छे : 'मुनि जिनविजयजी साथेना संपर्कने लीधे ज मारो अपभ्रंश अने जैन परंपरानो अभ्यास थयो. मने जैन परंपरामां रस पड्यो एटले ए ज विषयमां पीएच.डी. करवानुं नक्की करी लीधुं.

हरिवल्लभ तेजस्वी हता, छतां पीएच.डी. करती वखते एक मुश्केली एमने नडी. एमने माटे जरूरी होय तेवा संदर्भग्रंथो भारतीय भाषामां नहोता. परंतु जर्मन भाषामां ते विषय पर सारुं एवुं काम थयुं हतुं, एटले हरिवल्लभ जर्मन भाषा शीखी गया. एमणे सेकन्डहेन्ड जर्मन डिक्शनरी पण वसावी लीधी, जेथी भाषा समजवामां मुश्केली पडे नहीं. थोडा ज समयमां ए कामचलाउ जर्मन भाषा शीखी गया. भायाणीदादा कहे छे : 'पहेलां हुं आ ज रीते लेटिन भाषा शीखेलो. आ वखते जर्मन शीखी लीधुं.' दिवसरात एक कर्या पछी, खूब महेनत कर्या पछी एमने पीएच.डी.नी डिग्री मळी गई.

हरिवल्लभ पीएच.डी. करता हता ते दिवसोमां बे घटना बनी गई. एक तो एमनो पगार वध्यो अने ए दादीमा पोतीमाने महुवाथी मुंबई लई आव्या. आ संदर्भमां वात करतां तेओ कहे छे : 'अगाउ तो हुं खप पूरता पैसा राखी लईने बाकीनी रकम महुवामां दादीमाने मोकली आपतो, परंतु पगार वधीने त्रणसो रूपिया थया पछी में विलेपार्लेमां रूम भाडे राखी लीधी. आ रीते पैसा अने जग्या बन्नेनी सगवड थवाथी हुं दादीमाने मुंबई, मारी पासे लई आव्यो.'

अत्यार सुधी हरिवल्लभ साव एकला हता, एटले लोजमांथी टिफिन मगावी लईने भोजनने प्रबंध करता हता. परंतु दादीमा मुंबई आव्यां पछी हरिवल्लभे अभ्यास करवो पडतो अने उपरथी रसोई पण करवी पडती. आ विधानना अनुसंधानमां तेओ कहे छे : 'अगाउ एक वार गाये दादीमाने वगाडेलुं एथी एमने हाथे कायमनी खोड रही गयेली. ए काम तो करी ज शकतां नहोतां. एमांय मोटी उंमरने लीधे आंखे अंधापो आवी गयेलो अने एमना दांत पण नहोता, एटले जमवानो प्रश्न ऊभो थयो. शरुशरुमां तो लोजनुं भाणुं ज मगाव्ये राख्युं, पण भातना दाणा कठण रही जता होवाथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાદીમા બોખા મોઢે એ ચાવી શકતાં નહીં. એટલે લોજનું ભાણું બંધ કરીને એકાદ મહિનો રસોયો રાખી જોયો, પણ એય ફાવ્યું નહીં. એથી મેં જ બન્ને ટંકની રસોઈ બનાવવાનું નક્કી કરી લીધું.'

હરિવલ્લભને પહેલેથી જ કોઈ કામ કરવાની આળસ નહીં. રસોઈ કરવામાં એમને ન તો કંટાળો આવતો, ન તો શરમ આવતી.... તેઓ કહે છે : 'મને નાનપણથી જ હાથે કામ કરવાની ટેવ હતી. ત્યારે તો હું કૂવામાંથી પાણી સીંચતો, સવારે નદીએ જઈને કપડાં ધોઈ નાખતો અને બીજાં નાનાંમોટાં ઘરકામ પણ કરતો. એ વખતે મેં રસોડાનું કામ તો નહોતું કર્યું, પણ દાદીમાને ચૂલો ફૂંકતાં અને રસોઈ કરતાં જોતો ખરો.'

બાલ્યાવસ્થામાં જાણેઅજાણે હરિવલ્લભે કરેલું આ નિરીક્ષણ યુવાવસ્થામાં એમને કામ લાગી ગયું. જો કે એમણે ચૂલો તો નહોતો ફૂંકવો પડ્યો પણ લાંબા સમય સુધી સગડી પેટાવવી પડેલી. તેઓ કહે છે : 'મુંબઈમાં તો મારે ત્યાં સ્ટવ હતો એટલે રસોઈ કરવામાં ઝાઝી માથાકૂટ થતી નહોતી, પણ યુદ્ધના દિવસોમાં કેરોસીનની ઘણી તંગી હતી. બજારમાં કેરોસીન મળતું નહોતું. કેરોસીન વગર સ્ટવ કેવી રીતે પેટાવવો ? મેં સગડી પેટાવવાનું શરુ કરી દીધું. કેરોસીનમાં પલાળેલી કાકડી મૂકીને સગડી સળગાવતો અને દાળચોખાનું આંધણ ચડાવી દેતો.'

અત્યારે તો પ્રેશર કૂકરની સગવડ છે એટલે દાળચોખા ઝટપટ રાંધી શકાય છે, પરંતુ તે સમયે કૂકર નહોતાં. છતાં સમયની બચત કરવા હરિવલ્લભ એકસાથે જ દાળચોખા ચડાવી દેતા. પાકકળામાં નિષ્ણાત બની ગયેલા હરિવલ્લભ રસોઈના કીમિયાઓ વિશે વાત કરી રહ્યા છે : 'હું એક તપેલીમાં દાળ અને બીજી તપેલીમાં ચોખા મૂકી દેતો. પછી બન્ને તપેલી એક પર એક રહે તે રીતે સગડી પર એક સાથે ગોઠવી દેતો.' સગડી પર દાળચોખા ચડતાં તો સહેજે કલાક નીકળી જાય. એટલે ત્યાં સુધી શું કરવું ?

'....ત્યાં સુધી હું ફરવા નીકળી જતો.' આમ કહીને હરિવલ્લભ ભાયાણી અતીતમાં સરી જાય છે : 'મુંબઈમાં ગુલાબદાસ બ્રોકર, મનસુખલાલ ઝવેરી અને અમૃતલાલ યાજ્ઞિક જેવા મારા મિત્રો હતા. હું એમની સાથે જુહુ સુધી ફરવા જતો. ક્યારેક ગોકળીબાઈ સ્કૂલના મેદાનમાં અમે વોલીબોલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रमता. आ रीते अेकथी दोढ कलाक सुधी समय पसार करीने घेर पाछो आवुं त्यां सुधीमां दाळचोखा रंधाई जतां. पछी रोटलीशाक बनावतो. क्यारेक फरसाण पण बनावतो अने दादीमाने जमाडीने अगियार वाग्ये घेरथी नीकळी दतो. पछी सांजे घेर पाछो आवुं अेटले पहेलां रसोई बनावतो अने दादीमाने जमाडी देतो.'

एक जुवान मात्र अेनां दादीमानुं बे समयनुं भाणुं साचववा माटे जाते पोते रसोई करे ए वात सांभळीने ज मारातमारा जेवाने नवाई लागे. परंतु हरिवल्लभने तो एमां जराय नवाई लागती नथी. तेओ कहे छे : 'पहेलेथी ज दादीमानुं मारा सिवाय अने मारुं दादीमा सिवाय कोई नहोतुं. दादीमाए मने संभाळवा माटे आखी जिंदगी वैतरुं कर्युं होय तो हुं शुं अेमनुं बे टंकनुं भाणुं न साचवी शकुं ?'

दादीमानी वात करतां करतां भायाणीदादानी आंखमां झळझळियां बाझी जाय छे. अेमनो अवाज लागणीसभर बनी जाय छे :

'मारा दादीमाए तो आखी जिंदगी ढसरडो ज करेलो.... बार वर्षनी उंमरे अेमना लग्न थयां. तेरमा वर्षे मारा पिता चुनीलालनो जन्म थयो अने १४ मा वर्षे तो दादीमा विधवा थईगयां. एक तो काची उंमर, आंगळीए एक वर्षनुं बाळक ने उपरथी वैधव्यनो बोज... आवा कपरा संजोगोमां सुरक्षित रीते जीववा माटे दादीमा अेमना पियर महुवा आवी गयां. दादीमानुं पियर साधारण स्थितिनुं हतुं. दोढसो वर्ष जूनुं त्रण माळनुं मकान हतुं. दादीमा अेमना दीकरा साथे ए मकानमां बीजे माळे रहेतां. अे परोढिये पांच वाग्ये ऊठीने दळणां दळतां, पाणी भरतां, वासीदुं वाळतां अने बीजां घरकाम करतां. सवारथी रात सुधी काम करीने ए पथारीमां पडतां त्यारे दीकरा चुनीलालनुं मोढुं जोईने एमनो बधो ज थाक ऊतरी जतो : 'आ दीकरो ज तो मारा घडपणनो एकमात्र सहारो छे.'

एक पछी एक दिवसो पसार थवा लाग्या. दादीमानो दीकरो चुनीलाल जुवान थई गयो. दादीमाअे एने परणाव्यो. परंतु एक दीकरीनो जन्म थया पछी चुनीलालनां पत्नीनुं अवसान थयुं, एटले दादीमाए गंगा नामनी सुंदर स्त्री साथे चुनीलालना पुनः विवाह कर्या. थोडा ज वखतमां गंगानो खोळो भरायो.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાદીમાના તો જાણે સુખના દિવસો આવી ગયા.

'૧૯૧૭ની ૨૬મી મેના દિવસે વૈષ્ણવ કુટુંબમાં મારો જન્મ થયો.' હરિવલ્લભ ભાયાણી પોતાના જન્મ સાથે જોડાયેલી ઘટના વિશે વાત કરી રહ્યા છે : 'ઘરમાં દીકરાનો જન્મ થવાથી સ્વાભાવિક જ અમારા નાના કુટુંબમાં ખુશાલી વ્યાપી ગઈ, પરંતુ એ ખુશી લાંબો સમય ટકી નહીં. મારી એક વર્ષની ઉંમરે મારા માતાપિતા મૃત્યુ પામ્યાં અને અમારા ઉછેરનો બોજ દાદીમા પર આવી પડ્યો.'

'પહેલાં પતિનું મૃત્યુ, પછી નજર સામે જ જુવાનજોધ દીકરા-વહુનું મૃત્યુ અને બે બાળકોના ઉછેરની જવાબદારી....દાદીમા પર તો દુ:ખના ડુંગરા ખડકાઈગયા, પરંતુ ઈશ્વરમાં એમને દૃઢ શ્રદ્ધા હતી એટલે બધું દુ:ખ સમતાથી જીરવી ગયાં. એ હંમેશાં કહેતાં : 'જીવનમાં સુખદુ:ખ અને તડકીછાંયડી તો આવ્યા જ કરે છે. આપણે ગયા ભવમાં કોઈનું ખરાબ કર્યું હશે એટલે આ ભવમાં ભોગવવાનું છે.'

'દાદીમા પાસેથી મને જીવન જીવવાના ઘણા પાઠ શીખવા મળ્યા. એ ખૂબ સ્વમાની હતાં અને ક્યારેય કોઈની આગળ હાથ લાંબો કરતાં નહીં.' ભાયાણીદાદા તે સમયની ગરીબાઈ વિશે વાત કરી રહ્યા છે : 'દાદીમા પહેલેથી જ કરકસર કરીને જીવતાં. તે હંમેશાં કહેતાં કે રૂપિયો હોય તો આઠ આના ખરચો... મારા પિતાના મૃત્યુ પછી એમના વીમાના પાંચસો રૂપિયા મળ્યા હતા. તેમાં ત્રણસો ઉમેરીને દાદીમાએ આઠ ટકાના વ્યાજે આઠસો રૂપિયા મૂકેલા. વ્યાજની રકમમાં મામા તરફથી મળતા પચ્ચીસ રૂપિયા ઉમેરાતા. તે ઉપરાંત દાદીમા જાતમહેનતથી કમાઈને અમારું ભરણપોષણ કરતાં હતાં.'

દરમિયાન દાદીમા પર ફરી એક વાર આભ તૂટી પડ્યું. તે વિશે ભાયાણીદાદા કહે છે : 'મારી પાંચ વર્ષની ઉંમરે મને અને મારી બહેનને ઉટાંટિયાની બીમારી થઈ. એમાં મારી બહેન ગુજરી ગઈ અને હું બચી ગયો.'

દાદીમાની હયાતીમાં પૌત્રીનું મૃત્યુ થાય તો દાદીમાના દિલ પર કેવો આઘાત લાગે ? કઠણ કાળજાનાં દાદીમા આ દુ:ખ પણ જીરવી ગયાં. બાળ હરિવલ્લભના હસતા ચહેરા સામે જોઈને એમણે મન વાળી લીધું : 'હવે તો એકના એક પૌત્રને ભણાવી ગણાવીને જીવનમાં આગળ વધારવો છે....'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'महुवानी प्राइमरी शाळामां ११ आना फी हती. अे वखते एक आनो पण खर्ची शकवानी त्रेवड नहोती छतां दादीमाए मने भणवा मूकेलो...' आम कहेतां कहेतां हरिवल्लभनी नजर समक्ष शाळजीवननां दृश्यो तरवरी ऊठे छे : 'हुं शाळामां हतो त्यारे विद्यार्थीओने हृदयथी चाहे तेवा गुरुओ मळ्या. विद्यार्थीओमां सद्‌गुणो खीले ए माटे तेओ जाग्रत हता. आवा गुरुओना संपर्कमां रहेवानुं सद्भाग्य मळ्युं. परिणामे पहेलेथी ज चारित्र्यनुं घडतर थयुं.'

हरिवल्लभ भायाणी चरित्रघडतरनी वात करे छे त्यारे एक ब्राह्मण गुरुनां संस्मरणो ताजां थाय छे : 'ज्ञानविजय नामना ब्राह्मण अेमना घेर पुस्तको राखता. महिनानी एक आनो फी लईने ते दर शनिवारे बाळकोने घेर बोलावता. बालजीवन अने बालसखा जेवां सामयिको वांचवा आपता अने सद्‌गुणपोथीमां नोंध करावता.'

सद्‌गुणपोथी आम तो एक नोटबुक ज हती. आ नोटबुकमां अठवाडियाना वार प्रमाणे खानां पाडेलां. दरेक बाळके आ खानांओमां साचेसाची नोंध लखवी पडती. दा.त. दिवसमां केटली वार जूठुं बोल्या, केटला अपशब्दो बोल्या, चा केटली वार पीधी....

'अे जमानामां चा पीवी एय अवगुण गणातो...' आम कहीने भायाणीदादा उमेरे छे: 'ते समयमां तो चानी विरुद्धमां रीतसरनी चळवळ चालती. होळीना दिवसे लोको सरघस काढता, जे गाम आख्खामां फरीने 'चा छोडो'ना सूत्रोच्चार करतुं.'

बाळपणना आवा अनुभवो उपरांत सारा साहित्यना वांचने पण चरित्रनिर्माणमां मदद करी. हरिवल्लभ कहे छे : 'मने पहेलेथी ज वांचननो शोख हतो. हुं नवरो पडुं त्यारे पुस्तक लईने बेसी जतो. एक वार एक मित्र ज्योतीन्द्र दवेनुं 'अमे बधां' नामनुं पुस्तक लई आवेलो. मने याद छे के शाळामां रिसेस दरमियान टुकडे टुकडे में ए पुस्तक वांचेलुं.'

हरिवल्लभनी वांचनभूख तो त्यार पछी पण संतोषाती ज रही. आ संदर्भमां वात करतां तेओ कहे छे : 'अमारा महुवामां एक लायब्रेरी हती. एमां लवाजम भरवुं पडतुं. पण लाइब्रेरीयन बाजुमां ज रहेता एटले लवाजम विना ज वांचवानी सगवड मळी गई. बाळपणमां ज रमणलाल देसाईनी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सामाजिक नवलकथाओ, कनैयालाल मुनशीनी पाटणनी प्रभुता, गुजरातनो नाथ, गोवर्धनराम त्रिपाठीकृत सरस्वतीचंद्र उपरांत बंगाळीमांथी भाषांतर थयेलुं कृष्णनुं जीवनचरित्र वांचवानी तक सांपडी. परिणामे जीवनने एक नवी दृष्टि मळी.'

साहित्यना वांचन अने स्वामी विवेकानंद, रामकृष्ण परमहंस तथा महात्मा गांधी जेवा महापुरुषोना जीवनथी प्रेरित थयेला हरिवल्लभने खादी पहेरवानी टेव पडी. एमनामां स्वावलंबनना गुणो केळवाता गया.

'ए ज अरसा दरमियान संस्कृत भाषा शीखवानुं शरु थयुं.' हरिवल्लभ भायाणी पासे बाळपणना प्रसंगोनुं खूटे नहीं तेटलुं भाथुं छे. तेओ कहे छे : 'मने संस्कृतमां पहेलेथी ज रस हतो. अेमां एक ब्राह्मण गुरु मळी गया. अेमणे संस्कृतनां रूपो गोखावीने व्याकरण पाकुं कराव्युं, एटले संस्कृत पहेलेथी ज पाकुं थई गयुं.'

हरिवल्लभ भायाणी संस्कृत विशे वात करे छे त्यारे अनायास ज नंदलाल नामनो मित्र याद आवी जाय छे. आ मित्र विशे वात करतां तेओ कहे छे : 'नंदलालनुं संस्कृत अेटले सारुं हतुं के रजानी चिठ्ठी पण ते संस्कृतमां लखतो. एक वार अेनुं माथुं दुःखतुं हतुं त्यारे एणे संस्कृतमां रजाचिठ्ठी लखी के, 'बलवती शिरोवेदना मां बाधते अतः अहं शालायां आगंतुं न शक्तोस्मि' अर्थात् माथुं दुःखवाने लीधे हुं शाळामां आवी शकुं तेम नथी.'

आ नंदलालना आग्रहने वश थईने ज हरिवल्लभे मेट्रिकमां संस्कृतनो विषय लीधो. ते समयमां मेट्रिकनां अभ्यासक्रममां संस्कृतनुं धोरण बाणकादंबरीनी कक्षानुं हतुं. एटले जो संस्कृत एकदम पाकुं होय तो ज सारा मार्क्स मळे, नहींतर पछी गया कामथी....

'ए वखते अमने एक विद्वान जैन मुनिनो परिचय थयो.' भायाणीसाहेब जीवनमां मळेली सुंदर तक विशे वात करी रह्या छे : 'ए मुनिने संस्कृतनुं ऊंडुं ज्ञान हतुं . ए महाज्ञानी हता. एथी अेमना ज्ञान, अेमनी विद्वत्तानो लाभ लेवा माटे अमे रोजेरोज रिसेसमां अेमनी पासे जता. एक ज महिनामां नंदलाल अने हुं दशकुमारचरित शीखी गया.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मेट्रिकनी परीक्षामां आ ज दशकुमारचरितनुं ज्ञान जाणेअजाणे काम आवी गयुं. आ संदर्भमां वात करतां भायाणीदादा कहे छे : 'संस्कृतमां अनुवाद करवानो हतो. आ सवाल माटे संस्कृतना कोई पण ग्रंथमांथी संदर्भ लेवानी परीक्षकने छूट हती. परंतु योगानुयोग तो जुओ. परीक्षके दशकुमार चरितमांथी ज एक फकरानुं अंग्रेजी रूपांतर करीने अेने सवाल तरीके मूक्यो हतो अने अमारे ए ज फकरानुं संस्कृतमां भाषांतर करवानुं हतुं.'

परीक्षामां पुछायेला फकरामां एक शब्द हतो, स्ट्रोन्ग पोइझन....अर्थात उग्र झेर. हवे जो आ शब्दनो संस्कृतमां अनुवाद करवानो होय तो पोइझन एटले विष थाय. परंतु स्ट्रोन्ग पोइझननो संस्कृत अनुवाद शो थतो हशे ?

'अमे तो जैन मुनि पासे दशकुमारचरित शीखेला अेटले मने अनुवाद करवामां मूंझवण थई नहीं.' आम कहीने भायाणीदादा उमेरे छेः 'मने बराबर याद हतुं के उग्र झेर एटले उल्बणं विषम्... में तो फकरानो बराबर अनुवाद कर्यो. परिणामे संस्कृतमां मने सोमांथी ८२ मार्क्स मळ्या. अने पछी तो आठ रूपियानी स्कोलरशिप पण मळी.'

जोके एकाद वर्षमां ज स्कोलरशिप मळती बंध थई गई. आ विशे वात करतां हरिवल्लभ भायाणी कहे छे : 'मेट्रिक पछी बीजा मित्रोए सायन्स लीधुं एटले में पण ए ज शाखामां प्रवेश लीधो. परंतु विज्ञानना विषयोमां रस पडतो नहीं. बहारनुं वांचन वधु करतो एटले परीक्षामां ध्यान आपी शक्यो नहीं. परिणामे नापास थयो अने स्कोलरशिप मळती बंध थई गई.'

एकवार नापास थयेला हरिवल्लभे नासीपास थया विना ज्ञातिनी स्कोलरशिप माटे अरजी करी. अरजी मंजूर थई गई एटले भावनगरनी कोलेजमां एमणे आर्ट्समां एडमिशन लई लीधुं. त्यार पछी संस्कृतना विषय साथे बी.ए. कर्युं अने मुंबई आवीने एम.अे., पीएच.डी. कर्युं.

१९५१नी सालमां पीएच.डी. कर्या पछी बराबर त्रण वर्ष बाद हरिवल्लभ भायाणीनुं 'वाग्व्यापार' नामनुं पुस्तक प्रगट थयुं. १९५४नी सालमां प्रसिद्ध थयेला आ भाषाविषयक पुस्तकनी पूर्वभूमिका समजावतां भायाणीदादा कहे छे : 'हुं पीएच.डी. करतो हतो त्यारे भारतीय विद्याभवनना लाइब्रेरीमां आर. एल. टर्नरलिखित नेपाळी कोश जोयेलो. आ कोशमां प्रत्येक शब्दना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बारथी वधु भाषामां अर्थ आपेला. आ कोशथी हुं प्रभावित थई गयो अने एमांथी प्रेरणा लईने 'वाग्व्यापार' ग्रंथ लख्यो.'

पहेलुं पुस्तक प्रगट थया पछी अत्यार सुधीमां हरिवल्लभ भायाणीनां लगभग सित्तेर पुस्तको प्रसिद्ध थई चूक्यां छे. आ पुस्तकोनुं विविध विभागोमां वर्गीकरण करी शकाय. दा.त. संस्कृत, प्राकृत, अपभ्रंश, प्राचीन गुजराती, भाषाविज्ञान अने व्याकरण, लोकसाहित्यविषयक अध्ययन अने लोकगीत संग्रह.... आमांनां केटलांक पुस्तको पर नजर करीए. लीलावतीसार, तारागण, अपभ्रंश लेंग्वेज एन्ड लिटरेचर, दशमस्कंध, मुक्तकमाधुरी, ऋचामाधुरी, मुक्तकमंजरी, भाषाविमर्श, लोकसाहित्यः संपादन अने संशोधन, जैन धर्म : अतीत अने वर्तमान, गोकुळमां टहुक्या मोर, हरि वेण वाय छे रे हो वनमां.....

'आ छेल्लुं पुस्तक वैष्णवोमां परंपरागत रीते गवातां धोळ काव्योनुं छे. मीरां, नरसिंह महेता अने अन्य भक्तकविओ द्वारा रचित भक्तिगीतोने धोळ काव्यो कहे छे.' भायाणीसाहेब धोळ परंपरानो अर्थ समजावीने 'हरि वेण वाय छे रे...' काव्यसंग्रहनी पूर्वभूमिका समजावे छे : 'आजथी लगभग नव वर्ष पहेलां मालीझो नामना विदेशी संशोधके धोळकाव्यो पर रिसर्च पेपर तैयार करेलुं. ए वखते मने थयुं के हुं तो धोळपरंपरामां ऊछरेलो छुं. जो एक विदेशी वैष्णवोनी धोळपरंपरा विशे संशोधन करी शके तो एक वैष्णव थईने हुं ए काम शा माटे न करी शकुं ?'

त्यार पछी हरिवल्लभे परंपरागत धोळकाव्यो विशे संशोधन करवानुं शरु कर्युं. आ संदर्भमां वात करतां ते कहे छे : 'मारां दादीमाने तो धोळ परंपरानां दोढसो जेटलां काव्यो मोढे हतां. महुवामां ए रोज सांजे सत्संग करतां त्यारे धोळकाव्यो गातां. बाळपणमां में ऍमनी पासेथी ए गीतो सांभळेलां. धोळकाव्यो विशे संशोधन करवानुं शरु कर्युं त्यारे एमांनां केटलांक गीतोनुं मुखडुं याद हतुं तो केटलांकना अंतरा.... एकाद-बे अपवादने बाद करतां आखेआखां गीतो मने याद नहोतां. ते वखते दादीमा पण हयात नहोतां. एटले मुश्केली ए वातनी हती के अधूरां गीतो पूरां कई रीते करवां ?'

आ सवालना जवाबमां ऍमणे एक उपाय शोधी काढ्यो. ऍमने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विचार आव्यो के दादीमा जे स्त्रीवृंद साथे सत्संग करतां हतां तेमांनी केटलीक स्त्रीओ मळी जाय तो थोडांघणां काव्यो तो मळी ज जशे. एटले हरिवल्लभे महुवा अप-डाउन करवानुं शरु करी दीधुं. दादीमा साथे सत्संग करती स्त्रीओने शोधवानो एमणे प्रयास कर्यो. केटलीक स्त्रीओ हयात नहोती तो बीजी केटलीक स्त्रीओ पासे अरधांपरधां गीतो मळी आव्यां. हरिवल्लभे आ तमाम गीतोनो संग्रह कर्यो, परंतु तेमनुं कार्य तो हजु अधूरुं ज हतुं. एमणे अधूरा गीतो पूरां करवानां हतां अने बीजां गीतो एकठां करवानां हतां.

हरिवल्लभ एटले संशोधननो जीव. एक काम हाथमां ले तो पूरुं न थाय त्यां सुधी एमना जीवने चेन पडे नहीं. धोळ काव्योनी शोध माटे एमणे नवी दिशामां विचार करवानुं शरु करी दीधुं. आ विशे वात करतां ते कहे छे : 'कन्याशाळा शरु थई ते दिवसोमां बहेनो बे-त्रण चोपडीओ भणती. एटले स्वाभाविक ज आ भणेली बहेनोए धोळकाव्यो नोटबुकमां उतारी लीधां होय. जो क्यांकथी आवी धोळपोथी मळी जाय तो काम सरळ थई जाय.'

हवे भायाणीदादाए धोळपोथीनी शोध करवानुं शरु कर्युं. तपास करतां महुवानां एक शिक्षिका बहेन पासेथी धोळपोथीनी एक प्रत मळी आवी. एम करतां करतां तेमणे लगभग साठ गीतो एकठां करी लीधां.

धोळ काव्यो तो मळी आव्यां, परंतु ते गीतो एना मूळ स्वरूपमां, असल रागमां साचववां पण जोईएने ? हरिवल्लभ कहे छे : 'मने आ गीतोना मूळ राग आवडता हता. एटले हसु याज्ञिकनी मददथी में गीतोनुं स्वरांकन करवानुं नक्की कर्युं. हुं गातो जाउं अने हसु तेने स्वरांकन करे.... आ रीते तमाम गीतो अमे स्वरांकन कर्यां. त्यार पछी गुजराती साहित्य परिषद तरफथी बृहद् धोळकाव्यो त्रण भागमां प्रगट करायां.'

हवे पछी हरिवल्लभ भायाणी जैनोमां परंपरागत रीते गवाती सज्जायोनो आ ज प्रकारनो संग्रह तैयार करवा मागे छे. ते कहे छे : 'वैष्णवोमां धोळ काव्योनुं जेटलुं महत्त्व छे तेटलुं ज महत्त्व जैनोमां सज्जायनुं छे. सज्जाय विशे में केटलाक संग्रह भेगा कर्या छे. स्वरांकननुं थोडुं काम थयुं छे, बाकीनुं अधूरुं छे. हवे आ काम क्यारे पूरुं थाय छे....'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एंसी वर्षनी उंमरे हजु पण सतत काम, काम अने काममां परोवायेला रहेता भायाणीदादाने जोईने आपणने स्वाभाविक ज नवाई लागे छे. परंतु अेमने आ वातनी जराय नवाई लागती नथी. ए कहे छे : 'हुं नसीबमां मानतो नथी. भाग्यमां हशे तो थशे अेम मानीने हाथ पर हाथ धरीने बेसी रहेतो नथी. हुं तो पहेलेथी ज पुरुषार्थ करतो आव्यो छुं अने हजु पण करतो रहीश...'

मात्र पुरुषार्थना जोरे ज जीवनमां आगळ वधेला विद्वान हरिवल्लभ भायाणीए राष्ट्रीय अने आंतरराष्ट्रीय स्तरे सन्मानो मेळव्यां छे. आजना दिवसमां देशपरदेशना विद्यार्थीओ अने संशोधको अेमनी पासेथी मार्गदर्शन लेवा आवे छे. विदेशी युनिवर्सिटीओ एमनी ज्ञाननी गंगानो लाभ लेवा माटे निमंत्रण आपे छे. छतां भायाणीदादाने पोतानी विद्वत्ता माटे नथी अभिमान के नथी अहंकार... प्राकृतनां प्रूफ जोतां जोतां ए साहजिकताथी कही दे छे : 'मारामां आगळ वधवानी क्षमता हती तेम बीजाओमां पण हशे. परंतु मने मुनशीजी अने मुनि जिनविजयजी जेवा विद्वानोनुं मार्गदर्शन मळ्युं एटले आ कक्षाए पहोंची शक्यो छुं. बाकी महुवा जेवा गामडागाममां रहेतो एक दरिद्र छोकरो-संशोधक अने साहित्यकार बनी शके एवी तो कल्पना पण क्यांथी करी शकाय ?'

(प्रेषक : उत्पल भायाणी)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org